**માન.ધારાસભ્યશ્રી લવિંગજી ઠાકોર (રાધનપુર)**

**અગ્રતાક્રમ –૦૭**

**પ્રશ્ન–૧ : તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જીલ્લામાં તાલુકાવાર આ યોજનામાં સહાય મેળવવા કેટલી અરજીઓ મળી?**

જવાબ :

**માન. અધ્યક્ષશ્રી**

તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જીલ્લામાં તાલુકાવાર ડ્રમ તેમજ બે પ્લાસ્ટિકના ટોકર (ટબ) યોજના હેઠળ સહાય મેળવવા મળેલ અરજીઓની વિગતો જણાવુ તો,

**બનાસકાંઠા જીલ્લામાં:**

| ક્રમ | તાલુકો | સહાય મેળવવા મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | ચૂકવેલ સહાયની રકમ |
|---|---|---|---|---|
| ૧ | અમીરગઢ | ૧૧૭ | ૧૧૭ | ૨,૩૪,૦૦૦ |
| ૨ | કાંકરેજ | ૫૦૩ | ૫૦૩ | ૧૦,૦૬,૦૦૦ |
| ૩ | ડીસા | ૧૮૬ | ૧૮૬ | ૩,૭૨,૦૦૦ |
| ૪ | થરાદ | ૧૭૧૬ | ૧૭૧૬ | ૩૪,૩૨,૦૦૦ |
| ૫ | દાંતા | ૮૦ | ૭૯ | ૧,૫૮,૦૦૦ |
| ૬ | દાંતીવાડા | ૭૦૦ | ૭૦૦ | ૧૪,૦૦,૦૦૦ |
| ૭ | દીયોદર | ૩૬૨ | ૩૬૧ | ૭,૨૨,૦૦૦ |
| ૮ | ધાનેરા | ૧૬૨૮ | ૧૬૨૮ | ૩૨,૫૬,૦૦૦ |
| ૯ | પાલનપુર | ૩૬૦ | ૩૬૦ | ૭,૨૦,૦૦૦ |

| ક્રમ | તાલુકો | સહાય મેળવવા મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | ચૂકવેલ સહાયની રકમ |
|---|---|---|---|---|
| ૧૦ | ભાભર | ૧૩૫ | ૧૩૫ | ૨,૭૦,૦૦૦ |
| ૧૧ | લાખણી | ૯૮ | ૯૮ | ૧,૯૬,૦૦૦ |
| ૧૨ | વડગામ | ૩૪૨ | ૩૪૨ | ૬,૮૪,૦૦૦ |
| ૧૩ | વાવ | ૧૦૬૯ | ૧૦૬૯ | ૨૧,૩૮,૦૦૦ |
| ૧૪ | સુઇગામ | ૧૫૬ | ૨૫ | ૫૦,૦૦૦ |
| **જિલ્લાનું કુલ** | | **૭૪૫૨** | **૭,૩૧૯** | **૧,૪૬,૩૮,૦૦૦** |

આમ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતીએ કુલ **૭૪૫૨** મળી જેની સામે **૭૩૧૯** અરજીઓ મંજુર કરી અને કુલ **રૂ.૧,૪૬,૩૮,૦૦૦**/-ની સહાય ચુકવવામાં આવેલ છે.

**પાટણ જીલ્લામાં (વર્ષ : ૨૦૨૨-૨૩)**

| ક્રમ | તાલુકો | સહાય મેળવવા મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | ચૂકવેલ સહાયની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ચાણસ્મા | ૧૨૦૬ | ૧૨૦૧ | ૨૪,૦૨,૦૦૦ |
| ૨ | પાટણ | ૧૧૧૩ | ૧૧૧૩ | ૨૨,૨૬,૦૦૦ |
| ૩ | પાટણ શહેર | ૨૭૭ | ૨૭૭ | ૫,૫૪,૦૦૦ |
| ૪ | રાધનપુર | ૫૯૧ | ૫૯૧ | ૧૧,૮૨,૦૦૦ |
| ૫ | શંખેશ્વર | ૨૬૭૪ | ૧૨૩૨ | ૨૪,૬૪,૦૦૦ |
| ૬ | સમી | ૧૫૦૧ | ૯૭૩ | ૧૯,૪૬,૦૦૦ |
| ૭ | સરસ્વતી | ૮૭૮ | ૮૭૮ | ૧૭,૫૬,૦૦૦ |
| ૮ | સાંતલપુર | ૩૦૯ | ૩૦૯ | ૬,૧૮,૦૦૦ |
| ૯ | સિધ્ધપુર | ૫૧૨ | ૫૧૨ | ૧૦,૨૪,૦૦૦ |
| ૧૦ | હારીજ | ૬૨૧ | ૬૨૧ | ૧૨,૪૨,૦૦૦ |
| **જિલ્લાનું કુલ** | | **૯૧૩૯** | **૭,૭૦૭** | **૧,૫૪,૧૪,૦૦૦** |

## વર્ષ ૨૦૨૩-૨૪ (તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ)

| અનુ. ન. | તાલુકો | સહાય મેળવવા માટે મળેલ અરજીઓ | મંજૂર કરેલ અરજીઓ | ચૂકવેલ સહાયની રકમ (રૂ.) |
|---|---|---|---|---|
| ૧ | ચાણસ્મા | | ૫ | ૧૦૦૦૦ |
| ૨ | પાટણ | | ૦ | ૦ |
| ૩ | પાટણ શહેર | | ૦ | ૦ |
| ૪ | રાધનપુર | | ૦ | ૦ |
| ૫ | શંખેશ્વર | ૧૬ | ૧૪૪૨ | ૨૮૮૪૦૦૦ |
| ૬ | સમી | ૫૨૭ | ૫૨૮ | ૧૦૫૬૦૦૦ |
| ૭ | સરસ્વતી | | ૦ | ૦ |
| ૮ | સાંતલપુર | | ૦ | ૦ |
| ૯ | સિદ્ધપુર | | ૦ | ૦ |
| ૧૦ | હારીજ | | ૦ | ૦ |
| | **જિલ્લાનું કુલ** | **૫૪૩** | **૧,૯૭૫** | **૩૯,૫૦,૦૦૦** |

આમ પાટણ જિલ્લામાં તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતીએ કુલ **૯૬૮૨** મળી જેની સામે **૯૬૮૨** અરજીઓ મંજુર કરી અને કુલ **રૂ.૧,૯૩,૬૪,૦૦૦**/-ની સહાય ચુકવવામાં આવેલ છે.

## <u>અરજી ના–મંજુર થવાના કારણો</u>

**(૧) પાત્રતા વખતે ના–મંજુર :–** અરજીમાં અધુરી તથા ખોટી વિગતો જેવી કે અરજદારનું નામ ખાતા પ્રમાણે ન હોવું વિગેરે

**(૨) પૂર્વ મંજુરી વખતે ના–મંજુર :–** એક ખાતમાં એક કરતા વધારે અરજી

**(૩) સહાય અરજીઓ ના–મંજુર :–** GST વગરનું બિલ, ભૌતિક ચકાસણી સમયે સીપેટ સંસ્થાના માર્કા વગરની કીટ

**માન.ધારાસભ્યશ્રી પ્રવિણભાઇ માળી (ડીસા)**

**અગ્રતાક્રમ –૦૭**

**પ્રશ્ન –૨ : ડ્રમ અને બે ટોકર (ટબ) યોજનામાં ખેડૂતોને ગુણવત્તાયુકત ડ્રમ–ટોકર (ટબ) મળે તે માટે સહાયનું ધોરણ નિયત કરેલ છે કે કેમ? અને ગુણવત્તા જાળવવાના શું ધોરણો રાખેલ છે?**

**જવાબ :**

**માન. અધ્યક્ષશ્રી**

આ યોજનામાં રાજ્યના ખેડુતોને મલ્ટીપર્પઝ ઉપયોગ હેતુ ખુલ્લા બજારમાંથી ગુણવત્તાયુકત ડ્રમ–ટોકર મળે તે માટે પૂર્વ મંજુરી આપેલ ખેડૂતોને ખરીદીના પુરાવા રજૂ કર્યેથી મહત્તમ રૂ.૨૦૦૦/– ની સહાય આપવાનું ઠરાવેલ છે. રાજય સરકાર દ્વારા ડ્રમ–ટોકરની ગુણવત્તાના ધોરણો નિયત કરવામાં આવેલ છે, જે અંગેની વાત કરું તો, પ્લાસ્ટિકના એચ. ડી. પી. ઈ (હાઈ ડેન્સીટી પોલી ઈથિલીન) માર્કવાળા ઢાંકણા સાથેનું ડ્રમ જે અંદાજિત ઓછાંમાં ઓછું ૨૦૦ લિટર તથા કુલ વજન ૯.૫ કિગ્રા એટલે કે જેમાં ૮.૫ કિગ્રાનું ડ્રમ + ૧.૦૦ કિગ્રાનું ઢાંકણ તેમજ બે પ્લાસ્ટિકના ટોકર(ટબ) જે અંદાજિત ૧૦ લિટર તથા ૦.૫ કિગ્રા નું ટોકર (ટબ) એમ ૩ (ત્રણ) વસ્તુઓને **સિપેટ સંસ્થા (સેન્ટ્રલ ઈન્સ્ટિટીટ્યુટ ઓફ પેટ્રોકેમિકલ્સ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી)** દ્વારા પ્રમાણિત કર્યાનો સિક્કો/માર્કાવાળા હોય એ મુજબના ધોરણો નિયત કરવામાં આવેલ છે. જેથી ખેડૂત ટકાઉ અને ગુણવત્તાયુકત ડ્રમ ટોકરની ખરીદી બજારમાંથી ખરીદી કરી શકે. ઉપર જણાવ્યા મુજબના ગુણવત્તાયુકત ડ્રમ ટોકરની ખરીદી કરેલ હોય તેને સહાય મળવાપાત્ર છે.